**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૪/૦૬/૨૦૧૭ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૨૨૮/૧૭**

## કંન્ટેનરનું શીલ તોડી તેમાંથી રૂપિયા 28 લાખ ના નિકલ ધાતુની કરેલ ચોરીના આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશનર શ્રી .કે.ભટ્ટ સાહેબ, નાયબ પોલીસ કમિશનર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબે સુચના આપેલ કે આગામી રથયાત્રા સબંધે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તથા મિલ્કત સબંધી ગુન્હા કરતા આરોપીઓ ચેક કરવા તેમજ આવા ગુન્હા બનતા રોકવા તથાઆવા ગુન્હા કરતા આરોપીઓ ઝડપી પાડવા આપેલ સુચના અનુસાર ક્રાઇમ બ્રાન્ચ એન્ટી ઓર્ગેનાઇઝડ કાઇમ ટીમ ઉપરોકત કામગીરીમાં કાર્યરત હતા, દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ ખાતેથી એક બોલેરો પીકઅપ જીપ નંબર GJ-01-DT-7105 જેમાં ચાલક રોશનલાલ સુરજમલ ગુર્જર (રાજસ્થાની) ઉ.વ.40 રહે, ઘર નં.21 ગુજરાત હાઉસીંગ બોર્ડ ગોકુલનગર, પ્રહલાદનગર ગાર્ડન પાસે, સેટેલાઇટ, અમદાવાદ મુળ ગામ : બગથા કા ખેડા, પોસ્ટ : રઘુનાથપુરા તાઆસીન જી. ભિલવાડા રાજસ્થાનનો હોય જેના કબ્જાની ઉપરોક્ત જીપમાં ચોરસ આકારના નિકલ ધાતુના વજનદાર ટુકડા ભરેલ કંતનાના થેલા નંગ 10 મળી આવેલ, જે નિકલ ધાતુ નું વજન કરતાં505 કિલો કિ.રૂ. 2,77,750/ ગણી તથા બોલેરો જીપની કિ.રૂ. 4,00,000/ મળી કુલ કિ.રૂ. 6,77,750 નો મુદ્દામાલ ઉપરોકત આરોપી પાસેથી કબ્જે કરી વધુ તપાસ કરતાં આ નિકલ ધાતુ અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી થયેલ છે અને અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ખોડીયાર કન્ટેનર ડેપો માંથી કંન્ટેનર ના શીલ તોડી તેમાંથી**કુલ રૂ.28 લાખ** ના નિકલ ધાતુની ચોરી થયેલ છે જે અંગે અડાલજ પોલીસ સ્ટેશન ફ ગુ.ર.નં.50/17 ઇ.પી.કો. કલમ 379, 461 મુજબ ગુન્હો દાખલ થયેલ છે જેથી આરોપી તથા મુદ્દામાલ વધુ તપાસ અર્થે અડાલજ પોલીસ ને સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

આ કામે ઉપર જણાવેલ રોશનલાલ સુરજમલ ગુર્જર અગાઉ સને 2009 માં વટવા પોલીસ સ્ટેશનમાં, તથા અસલાલી પોલીસ સ્ટેશનમાં તેમજ સને 2002 માં સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કંમ્પાઉન્ડ પ્રવેશ કરી ફેકટરીઓમાંથી ભંગાર ચોરીકરવાના ગુન્હામાં પકડાયેલ છે

## સને-2013 થી હત્યાના ગુન્હામાં તથા બીજા ગંભીર પ્રકારના ગુન્હા કરી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ, નાયબ પોલીસ કમિશનર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબે સુચના આપેલ કે આગામી રથયાત્રા સબંધે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તથા મિલ્કત સબંધી ગુન્હા કરતા આરોપીઓ ચેક કરવા તેમજ આવા ગુન્હા બનતા રોકવા તથા આવા ગુન્હા કરતા આરોપીઓ ઝડપી પાડવા આપેલ સુચના અનુસાર ક્રાઇમ બ્રાન્ચ એન્ટી ઓર્ગેનાઇઝડ કાઇમ ટીમ ઉપરોકત કામગીરીમાં કાર્યરત હતા દરમ્યાન મળેલ બાતમી આધારે અશ્વિન વીનુભાઇ પોપટાણી (વાળંદ) ઉ.વ.29 રહે, લક્ષ્મીનગર ઘર નં.62, કિર્તી દુગ્ધાલય સામે, ખોડીયારનગર, બાપુનગર, અમદાવાદ અટક કરવામા આવેલ છે.

ઉપરોકત ઇસમ અમદાવાદ શહેર પુર્વ વિસ્તારના નામચીન ગુન્હેગારો અમીત@ તોતડો સ/ઓ યાદવજી ગજ્જર તથા ચિતન કમલેશ શાહ તથા કિરણ @ બુચિયો પટેલનો સાથીદાર છે અને તેઓ સાથે ઘણાં લાંબા સમથી ગંભીર પ્રકારના ગુન્હા કરતો હતો પરંતુ તે સને2013 થી પકડાયેલ ન હતો.

ઉપરોકત ઇસમ સને-2013 માં ઉપર જણાવેલ ચિતન શાહ, કિરણ @ બુચિયો તથા અમીત તોતડા સાથે ભેગા મળી નરોડા વિસ્તારમાં દારૂના પૈસાની લેતીદેતી બાબતે નરોડા ઇન્દ્રજીત સોસાયટીમાં રહેતા અતુલ સોલંકી તથા કેતન પટેલ સાથે અદાવત રાખી ચપ્પાના ઘા મારી બંન્ને ઇસમોને જીવલેણ ઇસાજાઓ પહોંચાડેલ હતી. જેમાં અતુલ સોલંકી મરણ ગયેલ હોય જે બદલ નરોડા પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ હતો અને આ ગુન્હામાં ચિતન શાહ, કિરણ @ બુચિયો, અને અમીત તોતડો પકડાઇ ગયેલ હતા. જે ગુન્હામાં હાલનો ઇસમ અશ્વિન વીનુભાઇ પોપટાણી સને-2013 થી નાસતો ફરતો રહેલ છે.

આ અશ્વિન વીનુભાઇ પોપટાણી આજથી એકાદ વર્ષ પહેલાં ચિતન શાહના મિત્ર શીવા ચૌધરી ની દિકરી ને ભાવિક @ સરકાર દવે નામનો ઇસમ ભગાડી ગયેલ હોય જે બાબતે ચિતન શાહ ના કહેવાથી અશ્વિન તેની સાથે ગયેલ અને ઉપરોકત ઇસમો સાથે બીજા મળતીયાઓએ ભાવિક @ સરકાર દવે નું જશોદાનગર ખાતેથી અપહરણ કરી તેને મહેસાણાં વડુ પાસે આવેલ ફાર્મ માં લઇ જઇ ખુબ માર મારેલ હતો અને પરત અમદાવાદ લાવેલ તે વખતે ચિતન શાહે આ ભાવિક દવે ના ગળાના ભાગે છરી મારી દિધેલ અને ઇજાગ્રસ્ત હાલતમાં ભાવિકને હોટલ રોયલ પાછલ ઓઢવ ખાતે નાખી આરોપીઓ નાસી ગયેલ હતા જે બાબતે વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ છે.આ ઉપરાંત આ અશ્વિન વીનુભાઇ પોપટાણી આજથી છ માસ પહેલાં સોખડા ગામ ખાતે આવેલ ફાર્મ ઉપરથી ચતુરભાઇ પટેલના અપહરણ ના ગુન્હામાં પણ સંડોવાયેલ છે, જેણે પોતે આ ગુન્હામાં ચિતન શાહ, પંકજ આર્ય તથા ગોપી સરદાર સાથે ચતુરભાઇ પટેલ નું અપહરણ કરી માર મારી આણંદ નજીક છોડે દિધેલાની હકીક્ત જણાવેલ છે. જે અંગે વડોદરા ગ્રામ્ય પાદરા પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ છે.

આ કામનો હાલનો આરોપી અશ્વિન વીનુભાઇ પોપટાણી પોતે અગાઉ ઓઢવ પોલીસ સ્ટેશનમાં મોબાઇલ ચોરી તથા મારા મારી ના ગુન્હામાં પકડાયેલ છે તેમજ સને 2006 માં બીજા આરોપીઓ સાથે ભેગા મળી શૈલેષ વાળંદ રહે: મહાદેવનગરને પૈસાની લેતીદેતી બાબતે હત્યા કરેલ છે. જે ગુન્હામાં સાબરમતી જેલમાં પણ રહી આવેલ છે.



**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

કારંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, કારંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.